જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૫/૨૦૨૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૪૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૫૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬૬૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૫ બીયર ટીન, ૦૧ ડાલુ, ૦૨ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૪૫/૨૦૨૫**

**નરોડાઃ** વિશાલ અરવિંદભાઇ પટેલ (ઉ.વ.૪૦)(રહે.ઓકડેલ એવન્યુ બાપાસિતારામ ચોક કૃષ્ણનગર) એ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નરોડા દાસ્તાન સર્કલ પાસે સાંઈ પ્લેટીનમ નામની બિલ્ડીંગમાં "ગ્રાન્ડ રોયલ ડાઇન હોટલ" ધરાવી વિશાલ પટેલ પાર્ટનર શીપમાં ધંધો કરતા હોય તેમજ જે હોટલ વેચાણ કરવાની હોય, હોટલ એસોસિયેશન પોર્ટલ ઉપર વેચાણ સારૂં મુકતા આરોપી મેહુલ ઉર્ફે યશ પરીમલભાઈ શાહ તથા તેની માતા પારૂલબહેન પરીમલભાઈ શાહ (બંને રહે. રાધે ટેનામેન્ટ, સરદાર રોડ, દયામયી સ્કુલ સામે, સુરેન્દ્રનગર) એ હોટલ ખરીદ કરવા સંપર્ક કરી તા.૨૪/૦૩/૨૦૨૫ થી તા.૩૦/૦૪/૨૦૨૫ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન "ગ્રાન્ડ રોયલ ડાઇન હોટલ" ઉપર આવી હોટલ પસંદ કરી, નવ કરોડમા હોટલ ખરીદવાની ડીલ કરી, એકાવન લાખ રૂપિયાનો ચેક આપી, વિશાલ પટેલને વિશ્વાસમા લઈ, તેમની હોટલ ચલાવી, હોટલના સોફ્ટવેર મુજબ રોજે-રોજની હોટલની ઇન્કમના રૂપિયા ૧,૧૧,૬૯૬/- મેળવી લઈ નાસી જઈ, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૪૬/૨૦૨૫**

**વાડજઃ** કલાબહેન જીવણભાઇ રાવત (ઉ.વ.૬૨)(રહે.સમુબેન ડાયાભાઈની ચાલી, રામ કોલોની પાસે, નવા વાડજ) એ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૫/૨૦૨૫ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે રાણીપ એસ.ટી બસ સ્ટેન્ડ ખાતે એસ.ટી બસમાં ચઢતી વખતે અજાણી વ્યક્તિએ કલાબહેન રાવતની નજર ચુકવી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એચ.સી.સંગાડ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૪૭/૨૦૨૫**

**મેઘાણીનગરઃ** રમેશભાઈ ખાનાભાઈ રાઠોડ (ઉ.વ.૫૧)(રહે.અમરાજી મોતીજીની ચાલી, કલાપીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઈ સુકાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી